બારડોલી વિસ્તારમાં વધી રહેલા ચોરીના બનાવો અટકાવવા પોલીસે રિક્ષા ફેરવી

બારડોલીઃ બારડોલીમાં ચેઇન સ્નેચિંગ અને ચોરીના વધી રહેલા બનાવો ડામવામાં નિષ્ફળ રહેલી પોલીસે શુક્રવારે સાંજે રિક્ષા ફેરવી લોકોને સાવધાન રહેવા માટે સૂચના આપી હતી.

સુરત ગ્રામ્યના બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેઇન સ્નેચિંગ, વાહન ચોરી, મોબાઇલ ફોન ચોરી અને ઘર ફોડ ચોરીની ઘટનાઓ વધી રહી છે. થોડા દિવસ પૂર્વે જ સતત ત્રણ ચાર દિવસ સુધી ચેન સ્નેચિંગના બનાવો બન્યા હતા. ખાસ કરીને રાત્રિના સમયે જમીને ચાલવા નીકળતા લોકોને મોટરસાઇકલ સવાર શખ્સો ટાર્ગેટ બનાવતા હોય છે. આથી લોકોને કાળજી રાખવા અંગે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. શુક્રવારના રોજ બારડોલીના સ્ટેશન રોડ સહિતના વિસ્તારમાં રિક્ષા ફેરવી બહાર નીકળતા લોકોને ચેઇન અને મોબાઇલ સ્નેચર્સથી બચવા માટે શું શું કરવું તે અંગે જાણકારી આપવામાં આવી હતી. જો કે, કેટલાકે પોલીસની આ પહેલને લોકજાગૃતિના ભાગરૂપે યોગ્ય ગણાવી હતી. તો બીજી તરફ કેટલાક વર્ગે પોલીસ તેમની નકામી પ્રજા પર થોપી રહી હોવાનું જણાવી પોલીસની લોકજાગૃતિને લઈ નકારાત્મક પ્રતિક્રિયા આપી હતી.

કોનો ભરોસો કરવો?: પલસાણામાં ત્રણ વર્ષની બાળકીનું પરિચિતે જ અપહરણ કર્યું

મુક્તિના બદલામાં બાળકીની માસી સાથે લગ્નની ઓફર મૂકી

પોલીસ ફરિયાદ થતાં જામ મોહમ્મદ અને સાગરીત દિલીપ કટારાને પોલીસે દબોચી લીધા

ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણાથી અપહરણ થયેલી ત્રણ વર્ષની બાળકીને આરોપીના કબજામાંથી હેમખેમ છોડાવી અપહરણ કરનર બે આરોપીને સુરત ગ્રામ્ય પોલીસે કામરેજ ગામથી દબોચી લીધા હતા.

ગુરુવારે સાંજે 5.30 વાગ્યે પલસાણાના મેઘા પ્લાઝા ખાતે આવેલા યોગી વિલા એપાર્ટમેન્ટની નીચે ત્રણ વર્ષની બાળકી રમી રહી હતી. દરમિયાન મેઘા પ્લાઝામાં મહાલક્ષ્મી રેસિડેન્સીમાં રહેતો જાન મોહમદ જહરૂદિન શાહ બાળકીને મોટરસાઈકલ પર બેસાડી લઈ અપહરણ કરી ગયો હતો. બાળકીને પરત કરવાના બદલામાં જાન મોહમ્મદે બાળકીના પરિવાર પાસે તેમની બીજી દીકરીના તેની સાથે લગ્ન કરાવી આપવાની શરત મૂકી હતી. ઘટના અંગે બાળકીના દાદાએ પલસાણા પોલીસને જાણ કરતાં પોલીસ અપહરણ અને ખંડણીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

ત્રણ વર્ષની બાળકીનું અપહરણની જાણ થતાં જ જિલ્લાભરની પોલીસ દોડતી થઈ હતી. સુરત ગ્રામ્ય પોલીસની ટીમે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, આરોપી ભોગ બનનાર બાળકીને લઈ કામરેજ તરફ ગયો છે. જે બાતમીના આધારે પોલીસે ટેક્નિકલ સોર્સના આધારે અપહરણ કરનાર અને તેની મદદ કરનાર આરોપીને કામરેજ ગામમાંથી ઝડપી લીધા હતા અને બાળકીને તેમની ચુંગાલમાંથી હેમખેમ છોડાવી હતી. પોલીસે આરોપીઓ જાન મોહમ્મદ જહરૂદ્દીન શાહ (ઉં.વ.32) (રહે., મહાલક્ષ્મી રેસિડેન્સી, મેઘા પ્લાઝા, પલસાણા, મૂળ રહે., કુશીનગર, ઉત્તરપ્રદેશ) તેમજ તેની મદદ કરનાર દિલીપ પરથીંગ કટારા (રહે., સરદાર ચોક, અમરોલી, સુરત, મૂળ રહે., બાસવાડા, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી 2 મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર અને એક મોટરસાઈકલ કિં.રૂ.25 હજાર મળી કુલ 35 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

નાનાએ ઉછીના લીધેલાં નાણાં પરત ન કરતાં અપહરણ કર્યું

અપહરણકર્તા જાન મોહમ્મદ અવારનવાર બાળકીના ઘરે આવતો હતો. બાળકીના નાનાને તેણે ઉછીનાં નાણાં આપ્યાં હતાં. જે આપતા ન હોય તેમજ તેમની દીકરી સાથે લગ્ન કરાવવાની ના કહેતા હોવાથી જાન મોહમ્મદે બાળકીનું અપહરણ કર્યું હોવાની કબૂલાત કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ચીમકૂવા ગામે ડમ્પર અડફેટે એકનું મોત

વ્યારાઃ સોનગઢના ચીમકૂવા ગામની સીમમાં ટોકરવાથી ગૌમુખ જતા રોડ ઉપર તા.૨૧/૨/૨૦૨૫ના રોજ સવારે ૯:૪૫ વાગ્યાના અરસામાં સૂરજભાઇ હીરાલાલ ગામીત (રહે.,ધજગામ નિશાળ ફળિયું, તા.ઉચ્છલ) ડમ્પર નં.(MH-39-AD-0002) પૂરઝડપે ચલાવતા હોવાથી નિતેશભાઇ મહેશભાઇ ગામીત (ઉં.વ.૨૫) (રહે.,ચીમકૂવા, પટેલ ફળિયું, તા.સોનગઢ)ની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ નં.(GJ-26-AG-7856)ને અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. નિતેશ માવો લેવા માટે ટોકરવા ગામે જાઉં છું કહી ઘરેથી નીકળ્યો હતો. એ વેળાએ અકસ્માત સર્જાયો હતો. પોલીસે ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કટાસવાણમાં ઝેરી દવા પી જતાં એકનું મોત

વ્યારાઃ વ્યારાના કટાસવાણ ગામે ગમારી ફળિયામાં તા.૧૯/૨/૨૦૨૫ના રોજ સાંજે ૪થી ૪:૩૦ વાગ્યાના અરસામાં નિલેશભાઈ ધીરૂભાઇ ચૌધરી (ઉં.વ.૩૨)(રહે., ડુંગરગામ, વેઠિયા ફળિયું, તા.વ્યારા) પોતાના ખેતરે અગમ્ય કારણસર ભીંડામાં નાંખવાની ઝેરી દવા પી જતાં સારવાર માટે વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલત ગંભીર હોવાથી તે આઈ.સી.યુ. વોર્ડમાં સારવાર હેઠળ હતો, જ્યાં તા.૨૦/૨/૨૦૨૫ના રોજ સાંજે ૭:૧૫ વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પલસાણામાં અજાણ્યાનું વાહન અડફેટે મોત

પલસાણાઃ પલસાણા ગામની સીમમાં નેશનલ હાઇવે નંબર 48 પર એસ.ડી.જૈન સ્કૂલની સામે રસ્તો ક્રોસ કરી રહેલા આશરે 30થી35 વર્ષના અજાણ્યાનું અજાણ્યા વાહન અડફેટે મોત થયું હતું. પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બોરભાઠામાં દારૂ સાથે દંપતીની અટકાયત

અંકલેશ્વરઃ અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે મળેલી બાતમીના આધારે ગત રાત્રે બોરભાઠા રોડ સ્થિત હરિનગર બંગ્લોઝમાં એક મકાનમાં રેડ કરતાં સંગીતા જયેશ મોદીને ત્યાંથી ઘરના પ્રથમ માળે સીડી નીચેથી કિં.રૂ.15,600નો દારૂ મળી રૂ.20,311નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ દંપતીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

કસવાવમાં કરંટ લાગતાં યુવકનું મોત

વ્યારાઃ વ્યારાના કસવાવ ગામે નવા ફળિયામાં તા.૨૦/૨/૨૦૨૫ના રોજ સાંજે ૬:૪૫ વાગ્યાના અરસામાં ઉમેશભાઈ કાંતિલાલ ચૌધરી (ઉં.વ.૨૭)પોતાના ઘરના આંગણામાં પાણી ભરવા ઇલેક્ટ્રિક મોટર ચાલુ કરવા જતાં જમણા હાથની હથેળીમાં આકસ્મિક રીતે કરંટ લાગ્યો હતો. તેને સારવાર અર્થે સરકારી દવાખાનામાં લઈ જતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

વાંકલ ગામે પંચાયત વેરો ભરવા લોકોને અપીલ

વિનોદ મૈસુરીયા

વાંકલઃ સુરત જિલ્લામાં વેરા વસૂલાત વધારવા માટે તા.22 અને 23 ફેબ્રુઆરીએ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેના ભાગરૂપે વાંકલ ગ્રામ પંચાયતે ગ્રામજનોને વેરો બાકી હોય તો વેરો ભરી જવા ઓટો રિક્ષામાં લાઉડસ્પીકર લગાડી ગામમાં ફેરવી અનુરોધ કર્યો હતો.

અંકલેશ્વરની શાળામાં માતૃભાષા દિવસ યોજાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની એસેન્ટ સ્કૂલમાં માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, ગીત અને માતૃભાષાના મહત્ત્વને ઉજાગર કરતું એક નાટક પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

જોળવામાં દુકાનમાંથી અને બલેશ્વરમાં મેડિકલ સ્ટોરમાંથી ગાંજાનો જથ્થો મળ્યો

બંને ઘટના મળી 19 હજારથી વધુનો ગાંજો કબજે, બેની અટકાયત, બે વોન્ટેડ

ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણાના જોળવામાં આવેલા સુરભી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ ખાતે મહાદેવ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોરની એક દુકાનમાંથી ગાંજો મળ્યો હતો. જ્યારે બીજી ઘટનામાં બલેશ્વરમાં એક મેડિકલ સ્ટોરમાં છૂટકમાં વેચાઈ રહેલો ગાંજાના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

સુરત જિલ્લા એસઓજીની ટીમે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે પલસાણાના જોળવા ગામે સુરભી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં આવેલા મહાદેવ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી દુકાન નં.7માં એક ઈસમને ગેરકાયદે રીતે અને વગર પાસ પરમિટના માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. પોલીસે મોચીરામ ગદાધર પરિદા (ઉં.વ.63) (રહે., જોળવા, સુરભી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં આવેલા ગીતા કોમ્પ્લેક્સ, તા.પલસાણા, મૂળ રહે.,ગંજામ, ઓડિસા) ની ધરપકડ કરી હતી. જ્યારે તેને માલ પૂરો પાડનાર સંજયને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે પકડાયેલા શખ્સ પાસેથી 1.700 કિલોગ્રામ કિં.રૂ.17 હજાર, બે મોબાઈલ ફોન કિં.રૂ.10500, અંગજડતીના રૂ.1010 મળી કુલ 28510 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીજી ઘટનામાં પલસાણા પોલીસે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે બલેશ્વર ગામની સીમમાં આવેલી માતાજી મેડિકલ દુકાનમાંથી 276 ગ્રામ ગાંજા કિં.રૂ.2760 સાથે દુકાનમાં બેઠેલા માલારામ નગારામ રબારીની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી ગાંજા અને મોબાઈલ સહિત કુલ 27760 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગાંજાનો જથ્થો પૂર પાડનાર સુલ્તાન નામના ઈસમને વોન્ટેડ જાહેર કરાયો હતો. આથી પોલીસે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અટોદરામાં એસિડ પી ગયેલા અમદાવાદના યુવકનું મોત

સાયણઃ મૂળ અમદાવાદનો વતની નિતેશ વિજાભાઇ રાંધાણી (ઉં.વ.૨૭) હાલ ઓલપાડ-સાયણ રોડ અટોદરા ગામની સીમમાં બ્લોક નં.૭૨ના પ્લોટ નં.૫૬થી ૬૭માં આવેલી એંન્જિકસ ઓર્ગોકેમ પ્રા.લિ. કંપનીમાં કામ કરી ત્યાં રૂમમાં રહેતો હતો. ગત ગુરુવાર, તા.૨૦ના રોજ બપોરે ૨:૧૫ કલાકે નિતેશ રાંધાણીએ અગમ્ય કારણોસર તેની રૂમમાં એસિડ પી ગયો હતો. જેથી તેને ઓલપાડના સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ બાબતે મૃતકના મોટાભાઈ લખન રાંધાણીએ ઓલપાડ પોલીસમથકમાં જાણ કરતાં પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ રવિભાઈ કરી રહ્યા છે.

માંગરોળના આંબાવાડી ગામે દીપડાએ વાછરડા પર હુમલો કરતાં ગ્રામજનોમાં ભય



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળ તાલુકાના આંબાવાડી ગામે દીપડાએ વાછરડા ઉપર હુમલો કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે.

માંગરોળ તાલુકાના આંબાવાડી ગામે રહેતા જીતુભાઈ ચૌધરીનું ખેતર આંબાવાડી ગામની સીમમાં છે, ત્યાં તેઓ ઘર બાંધીને રહે છે. જીતુભાઈ ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. રાત્રીના સમયે ત્યાં દીપડો આવી ચઢ્યો હતો અને વાછરડા ઉપર હુમલો કરતા તેઓ જાગી ગયા હતાં. તેમણે દીપડાને ભગાડ્યો હતો. દીપડાએ વાછરડાને ગળાના ભાગે ઈજા પહોંચાડી હતી. ઘટનાની જાણ વન વિભાગને આંબાવાડી ગામના સરપંચે કરી હતી. ભયભીત ગ્રામજનોએ પાંજરું ગોઠવવાની માંગ કરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ)
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગ્ટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031. ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

એપેન્ડિક્સ-IV (નિયમ 8 (1))
કબજા નોટિસ (સ્થાવર મિલ્કત માટે)

નીચે સહી કરનાર આઈડીએફસી બેન્ક લિ.ના (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ) અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (12)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા 27-11-2024ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી જેમાં ઋણ લેનાર, સહ-ઋણ લેનાર અને બાંયેધરી આપનાર 1. જસુભાઈ વસાવા 2. જયંતીબેન જશુભાઈ 3. બીપીનકુમાર જસુભાઈને નોટિસમાં ઉલ્લેખીત રકમ રૂ. 4,88,183.23/- (રૂપિયા ચાર લાખ અઠ્યાસી હજાર એકસો ત્રિયાંસી અને ત્રેવીસ પૈસા માત્ર) 26-11-2024ના રોજ મુજબ, નોટિસ મળ્યાના 60 દિસવની અંદર ચુકવવા કહેવાયું હતું.
ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતા આ કારણથી ઋણ લેનારાઓ અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો પ્રતિકાત્મક કબજો 15 ફેબ્રુઆરી 2025ના રોજ મેળવ્યો છે.
ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલ્કત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત સાથે કોઈ પણ સોદો રૂ. 4,88,183.23/- (રૂપિયા ચાર લાખ અઠ્યાસી હજાર એકસો ત્રિયાંસી અને ત્રેવીસ પૈસા માત્ર) રકમ સાથે તેના પર વ્યાજ સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડને (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ) ચાર્જના આધીન રહેશે.
સિક્યોર્ડ મિલ્કતને ફરીથી મેળવવા માટે તમારું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13 (8)ની જોગવાઈ તરફ દોરવામાં આવે છે.

ગીરે મૂકાયેલી મિલ્કતોની વિગતો

સ્થાવર મિલકતના તમામ ભાગ, ગ્રામ પંચાયત ઘર નં. 69-બી, ક્ષેત્રફળ 65x29 ચોરસ ફીટ, સ્થિત છે, મોજેઃ ઉચ્છાબ, નોંધણીનો ઉપ-જિલ્લોઃ ઝઘડિયા અને નોંધણી જિલ્લોઃ ભરૂચ, ગુજરાત-393120. સીમાઓઃ પૂર્વઃ રોડ, પશ્ચિમઃ રાજેન્દ્રભાઈ ગુલશનભાઈ, ઉત્તરઃ વાડો, દક્ષિણઃ ખુલ્લી જગ્યા.

તારીખઃ 15-2-2025
સ્થળઃ ગુજરાત
લોન એકાઉન્ટ નં. 57434077

સહી-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ)

લુવારા પાટિયા પાસે ટેમ્પો-ટ્રક અથડાતાં એક ઘાયલ

ભરૂચઃ ભરૂચના લુવારા પાટિયા નજીક ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટેમ્પાનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં તાબડતોબ 108 એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. કર્મચારીઓએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ટેમ્પોની કેબિનમાં ફસાયેલા ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. અકસ્માતમાં ચાલકને નાની-મોટી ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

વલવાડામાં અકસ્માતમાં રાહદારીએ જીવ ગુમાવ્યો

મેહુલ પટેલ

અનાવલઃ મહુવાના વલવાડા ગામે આંબાવાડી ફળિયામાં રહેતા 51 વર્ષીય અર્જુનભાઈ નગીનભાઈ પટેલ તા.20/2/2025 ને ગુરુવારે સાંજે 7:15 વાગ્યે વલવાડાથી મજૂરી કરી ઘરે પરત પગપાળા આવી રહ્યા હતા. દરમિયાન વલવાડા નવા ફળિયા નહેર નજીક સ્પ્લેન્ડર બાઈક નં.(GJ-26-H-2091)ના ચાલકે ગફલતભરી રીતે હંકારી લાવી અર્જુનભાઈ પટેલને અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના પુત્રએ મહુવા પોલીસમથકે ફરિયાદ આપતાં પોલીસે બાઈકચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ઉમરાખમાં 1.53 લાખના દારૂ સાથે બે કાર જપ્ત

બારડોલીઃ બારડોલી તાલુકાના ઉમરાખ ગામની સીમમાં કાકરાપાર ડાબા કાંઠા નહેરના કાચા રસ્તા પરથી બારડોલી ગ્રામ્ય પોલીસે બે કારમાંથી 1.53 લાખના વિદેશી દારૂ સાથે કુલ 6.53 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જો કે બંને કારના ચાલક પોલીસને જોઈને ખેતરાડી વિસ્તારમાં નાસી છૂટ્યા હતા.

બારડોલી ગ્રામ્ય પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે ઉમરાખ ગામની સીમમાં કાકરાપાર ડાબા કાંઠા નહેરના કાચા રસ્તા પર જાહેરમાં કેટલાક ઈસમો કારમાં ભારતીય વિદેશી દારૂનો જથ્થો મગાવી કાર્ટિંગ કરવાની ફિરાકમાં છે. પોલીસે સ્થળ પર છાપો માર્યો હતો, જો કે પોલીસને જોઈને સ્થળ પરથી બે ઈસમ ખેતરાડી વિસ્તારમાં ભાગી છૂટ્યા હતા. પોલીસે તેમને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ પોલીસની પકડમાં આવ્યા ન હતા.

પોલીસે સ્થળ પરથી બે કાર પૈકી સ્વિફ્ટ કાર નંબર જીજે 15 પીપી 3051માંથી 614 બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. 78420 અને ફોક્સવેગન પોલો કાર નંબર જીજે 5 સીએસ 2276માંથી 528 બોટલ કિંમત રૂ. 74688 અને બે કારની કિંમત રૂ. 5 લાખ મળી કુલ રૂ. 6 લાખ 53 હજાર 108 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે આ ગુનામાં જીતુ ઉર્ફે બાદશાહ છોટુભાઈ રાઠોડ (રહે. જોગી ફળિયા, બારડોલી) અને દિલિપ મંગુભાઈ રાઠોડ (રહે.રાખ, તા. બારડોલી)ને વોન્ટેડ જાહેર કર્યા છે.

ડોડવા ગામે મકાનમાં આગ લાગી

વ્યારાઃ કુકરમુંડાના ડોડવા ગામે જાનાબેન ધારાસિંગભાઈ પુખ્યાભાઇ પાડવીના મકાનમાં તા.૨૧/૨/૨૦૨૫ના રોજ સવારે ૭ વાગ્યાના અરસામાં આગ લાગતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી ભયનક હતી કે ગ્રામજનોએ પાણીનો ભારે મારો ચલાવ્યો પણ આગ પર કાબૂ મેળવી શકાયો ન હતો. જોતજોતામાં આખું ઘર આગની લપેટમાં આવી જતાં ઘરવખરી બળીને રાખ થઈ ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક વહીવટી તંત્રે સરવેની કામગીરી હાથ ધરી છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૩૭/૨૦૨૫
તા.૧૭/૦૨/૨૦૨૫
વાદી :- કલ્પેશભાઇ છનાભાઇ ચૌધરી, રહે.પરવટ, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પરવટ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત
વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કલ્પેશભાઇ છનાભાઇ ચૌધરી, રહે. પરવટ, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના દાદી ભેંકરીબેન ભુલાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ભેંકરીબેન ભુલાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૨૨/૦૨/૧૯૯૨ ૩. મરણનું સ્થળ: મોજે.પરવટ, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે ભેંકરીબેન ભુલાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

Milano MULTIPLEX બારડોલી
MERE HUSBAND KI BIWI
11:00am, 02:00pm, 04:00pm, 09:30pm
CHHAAVA : 10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
UMBARRO - GUJARATI
05:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૩૮/૨૦૨૫
તા.૧૭/૦૨/૨૦૨૫
વાદી :- કલ્પેશભાઇ છનાભાઇ ચૌધરી, રહે.પરવટ, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પરવટ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત
વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કલ્પેશભાઇ છનાભાઇ ચૌધરી, રહે. પરવટ, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના દાદા ભુલાભાઇ મંગલાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ભુલાભાઇ મંગલાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૨૦/૦૭/૧૯૬૭ ૩. મરણનું સ્થળ: મોજે.પરવટ, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે ભુલાભાઇ મંગલાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૩૧/૨૦૨૫
તા.૧૭/૦૨/૨૦૨૫
વાદી :- જયંતીભાઇ જીવલાભાઇ ચૌધરી, રહે.વદેશીયા, ગોડાઉન ફળિયું, તા.માંડવી, જી.સુરત.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વદેશીયા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જયંતીભાઇ જીવલાભાઇ ચૌધરી, રહે. વદેશીયા, ગોડાઉન ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના પિતા જીવલાભાઇ પાલીયાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જીવલાભાઇ પાલીયાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૦/૦૬/૧૯૮૨ ૩. મરણનું સ્થળ: મોજે.વદેશીયા, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે જીવલાભાઇ પાલીયાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

ગૃહ ઉપયોગી સાધનોનું પ્રદર્શન તથા વેચાણ
A MEGA TRADE FAIR 2025
Exhibition Organizer Ashirvad MARKETING Since 2001...
વર્ષમાં એકવાર આવતો ભવ્ય વેપાર મેળો
20 to 25 FEBRUARY 2025
11.00 am to 10.00 pm
મુખ્ય આકર્ષણો
● ૧૦૦ થી વધારે પ્રોડક્ટસ ડિસ્પ્લે
● નવી પ્રોડક્ટોની રજૂઆત
● ફર્નિચર
● લાઈવ ડેમોસ્ટ્રેશન
● ખાસ ફૂડ પેવિલિયન
● ઓટોમોબાઈલ્સ
A MEGA CONSUMER TRADE FAIR
આપનું જાણીતું અને વિશ્વાસુ ટ્રેડફેર
સ્થળ : એસ.પી.ડોમની બાજુમાં, ચર્ચ સામે, કેનલ નજીક, કોલેજ રોડ, વ્યારા
Sponsors
NANAVATI MG | SUZUKI Shree Lakshmi Suzuki | LG | NATRAJ | Uratom | SATGURU ELECTRICALS | elica | SUNSHINE | INTERIOR PALACE QUALITY FURNITURE | Welcome Mega Store | WILDCRAFT | vasant | VIJAY DAIRY